# नवग्रह–स्तम्भनकपार्श्वदेवस्तवः

**– सं. अमृत पटेल**

नवग्रह–स्तम्भनकपार्श्वदेवस्तव अहीं प्रस्तुत लघुस्तोत्र छे. आ भक्ति कृतिमां विविध छन्दोबद्ध १२ पद्यो छे. तेमां अज्ञात भक्त कविअे एक एक विशेषणोना बे बे अर्थो द्वारा स्तम्भनपार्श्वनाथ तथा तत्संगत सूर्य आदि नवग्रहोनी पण स्तुति करी छे. भाषानी प्रासादिकता, भावाभिव्यक्ति अने शैलीने लक्षमां लेता प्रस्तुत स्तुति १३मा शतकनी रचना होवानुं अनुमान थाय छे.

लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामन्दिर, अमदावादना हस्तप्रतसंग्रहमां – जम्बूकविकृत 'जिनशतक' काव्यनी प्रतनुं ७०मुं फुटकर पत्र छे. तेमां प्रायः ७५ अक्षरनी अन्तिम आठ पंक्तिओमां प्रस्तुत स्तोत्र झीणा पण सुन्दर/सुवाच्य अक्षरोथी लखायेलुं छे. पञ्चपाठ अने मध्यफुल्लिक–मण्डित प्रस्तुत प्रत प्रायः १६मा शतकमां लखाई हशे.

प्रस्तुत सम्पादनमां अन्य प्रतनी सहाय प्राप्त थई नथी. आथी मुख्य मुख्य क्षतिओनी विगतवार नोंध आपवी इष्ट लागे छे.

(१) बीजा पद्यमां 'गोभिर्जनानामपि विस्तृतप्रमोदं' पद हतुं तेमां इन्द्रवज्रा वृत्तनुं लक्षण घटतुं न हतुं. आथी 'गोभिर्जनानां विसृतप्रमोदं' सुधारीने छन्दोभङ्ग निवार्यो छे.

(२) तृतीय पद्यमां उपजाति वृत्त छे. प्रथम पादमां – 'डष्टम्यान्वितो न जननोत्सवेन' पंक्ति छे. तेमां छन्दोलक्षण प्रमाणे पांचमो स्वर लघु होवाथी छन्दोभङ्ग थाय छे तथा 'अष्टमीथी युक्त, अने जन्मोत्सवथी युक्त नहीं' एम अर्थ पण संगत नथी. 'एटले'–ष्टम्यां वितेने जननोत्सवेन' आवी पदशुद्धि करी छे जेथी छन्द अने अर्थ बे संगत थया छे.

(३) चतुर्थ पद्य पण उपजातिवृत्तमां छे. प्रथम पाद 'दृष्ट्या प्रयात्यतुलं फलं यः' मां एक असर खूटे छे. अने 'दृष्टिथी अतुल फलने पामो आ अर्थ पण सन्दर्भ जोता संगत नथी. आथी 'दृष्ट्या प्रयच्छत्वतुलं फलं यः' आवुं पदसंशोधन कर्युं छे. जेथी 'दृष्टिथी अतुलफलने आपो.' एवो अर्थ संगत थाय

छे. अने छन्दनुं बंधारण जळवाई रहे छे.

(४) १२मा पद्यमां वंशस्थ वृत्त छे. प्रथम पादमां 'इति स्तुतः स्तम्भन सपुरस्थः' - मां १३ वर्णो छे. त्यां 'सत्पुरस्थितः' संशोधन कर्युं छे. जेथी छन्दोभङ्ग तो दूर थयो ज, साथोसाथ बीजा पादमां 'परामितः' पद साथे अन्त्यानुप्रास पण जळवाई जशे. आम आ स्तोत्रमां चार महत्त्वनां संशोधनो छे.

(५) श्लेष अलङ्कारनां बळथी उपमेयनां विशेषणो उपमाननां विशेषण तरीके पण घटावाय छे. जेथी काव्यमां चमत्कृति सर्जाय छे. अहीं पण पार्श्वनाथ भगवाननां विशेषणोने सूर्य वगेरे दरेक ग्रहोनां विशेषण तरीके पण घटावायां छे. श्लेषनी करामतथी उभयत्र अर्थसम्बन्ध धरावतां विशेषणोना बे बे अर्थो समजावतुं संस्कृतमां निबद्ध टिप्पनक मूळ कृतिनी साथे लखायेल छे. जे टांचण रूपे छे एटले खूब ज अस्पष्ट अने संक्षिप्त छे. तो अमुक अर्थो घटावाया नथी. आथी में तेमां सुधारा-वधारा कर्या छे. त्यार बाद भावानुवाद स्तोत्रमां बे अर्थो छे. तेथी 'गीवार्णगिरानी गरिमाने गूर्जरा गिरा'मां माणी शकाय' ए हेतुथी आप्या छे.

(६) पार्श्वः श्रियेऽस्तु भास्वान्'थी शरु थतुं, अन्य एक 'नवग्रहस्तवगर्भ पार्श्वस्तव' (१० पद्य) छे. तेना कर्ता सोमसुन्दरसूरि शिष्य रत्नशेखरसूरि छे. तेमां पण अज्ञातकर्तृतक अवचूरि द्वारा श्लेषथी नवग्रह तथा पार्श्वनाथनी स्तुति करवामां आवी छे– ते (सं. मुनि श्री चतुर विजयजी.-सन् १९२८ निर्णयसागर प्रेस)- जैन स्तोत्र समुच्चय भा. २, पृ. ७१-७२).

## नवग्रह-स्तम्भनकपार्श्वदेवस्तवः

**जीयाज्जगच्चक्षुरपास्तदोषः छायान्वितो धामनिधिः सभद्रः ।**
**नालीकबन्धुर्जडिमापहारी श्रीस्तम्भनस्थः प्रभुपार्श्वनाथः ॥१॥**

**टि :**- अपास्ताः दूरीकृताः मोहादयोऽष्टादश दोषाः येन सः, नष्टदशाधिकाष्ट दोषो जिनः । अपास्ता दूरीकृता दोषा रात्रिर्येन सः निशानाशकृत् प्रभाकरः रविः । छाया धर्मोपदेशसदनस्य समवसरणस्य शोभा- ''लक्ष्मीच्छाया शोभायां'' (है. ना. १५१२), तया अन्वितः समवसरणे शोभायमानः तीर्थङ्करः । सूर्योऽपि

छायाभिधया भार्यया सहितः वर्त्तते 'छाया आदित्यपत्नी (हे.ना. १२० स्वो. वृत्ति) । धाम प्रतापः किरणानि वा, पार्श्वनाथः प्रतापस्य प्रभावस्य निधिः – महिमामण्डितः इति, सूर्यस्तु धाम्नां किरणानां निधिः । भद्रं कल्याणं भद्रा सूर्यपुत्रिका वा, भद्रेण सहितः पार्श्वनाथः, सूर्यस्तु भद्रया सहितः सभद्रः । अलीकस्य बन्धुः अलीकबन्धुः, न अलीकबन्धुः इति नाऽलीकबन्धुः – पार्श्वनाथः सत्यपक्षपातव्रतः आप्तः वीतरागत्वात् । सूर्यस्तु नालीकस्य कमलस्य बन्धुरिव इति कमलमित्रम् । जडिमा अज्ञानं शैत्यं वा, पार्श्वनाथः अज्ञानापहारी, सूर्योऽपि शैत्यविनाशकः । एवं द्वौ – (१) जगते ज्ञानदातृत्वात् पार्श्वनाथः चक्षुरिव, तथा जगतः पदार्थसार्थदर्शकत्वात् जगन्नेत्रः सूर्यः – एवं द्वौ अपि पार्श्वनाथः सूर्यश्च जीयात् ॥१॥

**गोभिर्जनानां विसृतप्रमोदं सम्पादयन् भाऽऽश्रयतया(?ता) प्रतीतः ।**
**आनन्दकृत् कौशिकमानसानां पार्श्वस्तमस्तस्यतु वः कलावान् ॥२॥**

**टि :**– गोभिः पञ्चज्ञानैः पार्श्वनाथः, चन्द्रमास्तु गोभिः किरणगणैः जनानां प्रमोदं सम्पादयति, पार्श्वनाथः चिदानन्दसम्पादयिता, चन्द्रमास्तु ज्योत्स्नया जनाह्लादकारी । भं ज्ञानं, भान्ति सर्वे पदार्था येन तद् भं, तस्य ज्ञानस्य, आश्रयता शरण्यत्वं, आश्रयः पार्श्वनाथः ज्ञानाश्रयतया प्रतीतः, चन्द्रस्तु भानि नक्षत्राणि, तेषामाश्रय इति प्रतीतः, चन्द्रस्य नक्षत्रगामित्वेन प्रसिद्धेः । कौशिकः इन्द्र उलूकश्च, पार्श्वप्रभुः कौशिकानां सौधर्मादिचतुःषष्टिसुरेन्द्राणां मानसानां मनसां आनन्दकृत्, चन्द्रस्तु रात्रौ उदयति, रात्रौ च घूकाः पश्यन्ति; अतो निशाकर उलूकानामानन्ददाता । कलावान् कलाधरश्चन्द्रमाः षोडशकलाभिः सहितः, पार्श्वनाथस्तु कलाभिः ज्ञानकलाभिः, सकलाभिर्वा कलाभिः सहितः वर्तते, अतः पार्श्वनाथोऽपि कलावान् । एवं तादृशौ पार्श्वनाथः निशानाथश्च तमः अज्ञानं अन्धकारं च । तस्यतु नाशयतु वो युष्माकमिति ॥२॥

**यो रागभृत् सिद्धितया प्रसिद्धोऽष्टम्यां वितेने जननोत्सवेन ।**
**भुवः प्रमोदं परमं स पार्श्वः, सन्मङ्गलो मङ्गलमातनोतु ॥३॥**

**टि :**– पार्श्वनाथो भगवान् श्रावणशुक्लाष्टम्यां तिथौ निर्वाणमाप्तः – अत उच्यते 'अष्टम्यां सिद्धितया प्रसिद्धः' सिद्धिप्राप्तः इत्यर्थः, अष्टम्यां तिथौ मङ्गलवासरः सिद्धितया सिद्धियोग इति प्रसिद्धिः । 'भौमे... जया षष्ठी च

सिद्धये'' इति **आरम्भसिद्धि**ग्रन्थे प्रोक्तत्वात्, मङ्गलग्रहस्तु सिद्धितया प्रसिद्धोऽर्थात् सिद्धियोगकारी । पार्श्वनाथः जननोत्सवेन निजजन्ममहोत्सवेन भुवः पृथिव्याः, लोकानामिति यावत्, प्रमोदं परमं महान्तं वा महानन्दं वितेने, मङ्गलस्तु ग्रहो भूमेः पुत्रोऽतः निजजनन्याः पृथिव्याः परमप्रमोददायक इति । सन्ति विद्यमानानि अष्टौ स्वस्तिकादीनि मङ्गलानि, आत्मोपकारीणि मङ्गलानि धर्मकृत्यानि, तेषामुपदेशकत्वात्, यस्य सः सन्मङ्गलः मङ्गलमूर्तिः मूर्तिमान् वा मङ्गलं पार्श्वनाथः मङ्गलं करोतु । मङ्गलस्तु सद्भिः शुभैः ग्रहैः सहितो यदा स्यात् तदा मङ्गलकृद् भवति, अथवा शुभः सन् मङ्गलः मङ्गलं करोति, अतः 'सन्मङ्गलः मङ्गल-मातनोतु' इति ।

द्वावपि पार्श्वनाथ-मङ्गलग्रहौ एवं सिद्धियोगवन्तौ, भूप्रमोदजनकौ मङ्गलकारिणौ स्तः, किन्तु एको विरोधस्तयोः - यथा पार्श्वनाथो भगवान् 'अरागभृत्', मङ्गलस्तु 'रागभृत्' इति । तदपहारस्तु इत्थं पार्श्वनाथो विगतराग इति 'अरागभृत्, मङ्गलस्तु रागभृत् रक्तरङ्गभृत् रक्तवर्णः, अतः 'यो रागभृत्' इति पदे विरोधाभासः ॥३॥

**असद्ग्रहाऽऽसङ्गविमुक्तमूर्ति-र्दृष्ट्या प्रयच्छत्यतुलं फलं यः ।**
**कलानिधिः प्रीतिकरश्च सौम्यो ददातु पार्श्वः सबुधः सुबुद्धिम् ॥४॥**

**टि :-** पार्श्वनाथो भगवान्, असद्ग्रहासङ्गैः कदाग्रहग्रहिलतया, कदाग्रहैः आसङ्गेन आसक्त्या वा विमुक्तदेहः, बुधस्तु ग्रहः असद्ग्रहौ यौ राहुकेतू, ताभ्यां विमुक्तः अदृष्टो वा, स्वदृष्ट्या वा अतुलं फलं यच्छति, पार्श्वनाथो भगवान् स्वदृष्ट्या सकरुणया, स्याद्वादचक्षुषा वा अतुलं निर्वाणरूपं फलं यच्छति । पार्श्वनाथः परमात्मा सौम्यः प्रशान्तः वर्त्तते प्रशमपीयूषपूर्णः इति, बुधस्तु 'सोमो पितापि देवता अस्य ''कसोमाट् ट्यण् (है.श. ६/२/१०७) अभि० चिन्ता. स्वो. वृत्ति श्लो. ११७) इति व्युत्पत्तेः सौम्यः सोमसुतः, चन्द्रपुत्र इति प्रसिद्धः । पार्श्वनाथः ज्ञानकलानां निधिः, सर्वेषां च प्रीतिकरः, सबुधः बुधैर्ज्ञानिभिः सहितो वर्तते, तथा सः बुधः ग्रहः अपि 'कलानिधिप्रीतिकरः' इति पदे वाच्ये कलानिधिभूतानां कलावतामित्यर्थः प्रीतिकरः इति षष्ठ्या विभक्त्या समासः, अत्र सविसर्गं 'कलानिधि' पदं, किन्तु 'श्लेषादिषु चित्रकाव्येषु विसर्गादीनि चित्रभङ्गाय न भवन्ति, यत उक्तं **— वाग्भटालङ्कारे** -

'यमक-श्लेषचित्रेषु ब-वयोर्ड-लयोर्न भित् ।
'नानुस्वारविसर्गौ तु चित्रभङ्गाय सम्मतौ ॥१/२०॥
तादृशो पार्श्वदेवो बुधश्च ग्रहः सद्बुद्धिं ददातु ॥४॥

**यस्य प्रभावात् शुभराशिभाजः, पुण्यात्मनां द्राग् भवतीष्टसिद्धिः ।**
**पार्श्वः सुपर्वानतपादपद्मः स गीःपतिर्यच्छतु गीःप्रसादम् ॥५॥**

**टि :-** शुभानां कल्याणानां, राशिः समूहः, तं भजति इति, पार्श्वनाथः सकलकल्याणयुक्तः, गुरुस्तु ग्रहः शुभां राशिं मेषादिकां भजति इति शुभराशिभाज्, तस्य शुभराशिभाजः प्रभावात् । अथवा पार्श्वनाथस्य प्रभावः शुभराशिभाज्, तस्मात् पुण्यशालिप्रभावात्, पुण्यात्मनां इष्टसिद्धिः सहसा भवति, गुरावपि शुभे सति पुण्यात्मनां इष्टसिद्धिः द्राग् भवति । पार्श्वनाथो भगवान् गीःपतिः वाणीस्वामी प्रवचनार्थस्य भाषकत्वात् । गुरुस्तु गीःपतिः एवोच्यते, यतो 'गीःपतिः' इति तस्य नामान्तरम् । सुपर्वभिः देवैः आ समन्तात् नते पादपद्मे यस्य सः सुर-सङ्घप्रणतचरणः, द्वावपि पार्श्वनाथ-गुरुग्रहौ देवैः प्रणतौ, पार्श्वनाथस्तु तीर्थकरत्वेन, गुरुश्चापि देवानां गुरुत्वात्, तादृशौ पार्श्वदेवः देवगुरुश्च, गिरां प्रसादं प्रयच्छतु, यत उपासितौ हि तौ वाणीप्रसादं प्रवरां प्रवचनप्रसत्तिं वा प्रयच्छतः ॥५॥

**पार्श्वः प्रसर्पन्नयनाभिराम-द्युतिर्दितेः सूनुभिरर्चितांह्रिः ।**
**काव्यः सदानीरजसुप्रबुद्धः पदे विदध्यात् व्यसनव्ययं नः ॥६॥**

**टि :-** पार्श्वनाथस्य प्रभोः नयनाभ्यां सकलजन्तुजीवातुभूतमैत्रीमयीत्वात् अभिरामा प्रमोदकारिणी कान्तिः प्रसर्पति, शुक्राच्च ग्रहात् नयनयोः अभिरामा द्युतिः प्रसर्पति । यतः शुक्रः ग्रहेषु सर्वकान्तिमत्तरः, अतः तौ द्वौ अपि कान्त्या मनोहारिणौ स्तः । पार्श्वनाथस्तु भगवान् दितेः सूनुभिः नागैः परिपूजितः, शुक्रस्तु दैत्याचार्यः, अतो दैत्यैः दितिसुतैः पूजितः । काव्यः 'कबृङ्वर्णने' इति (हेमधातुपाठस्य ७६७ तमात्) धातोः घ्यणि प्रत्यये सति-काव्यः स्तोतव्यः । भगवान् पार्श्वनाथः 'पुरुषादानीयः' इति प्रसिद्धः, शुक्रस्तु काव्यः इत्यपरं नाम दधाति, 'शुक्रो मघाभवः काव्यः इति अभिधान चिन्तामणि-देवकाण्डे ११९ तम पद्योक्तेः । निर्गतानि रजांसि कर्मरूपाणि यस्मात् सः 'नीरजः', नीरजश्चासौ प्रबुद्धश्चेति । पार्श्वनाथः परमेश्वरो जिनः कर्ममलरहितः, प्रबुद्धः केवलज्ञानवान् इति । शुक्रस्तु नीरे जायते नीरजं कमलं तद्वत् प्रबुद्धः विकस्वरः । पार्श्वनाथो

भगवान् व्यसनव्ययं दुःखापगमं करोति एवं, अतो विदध्यात् सदा करोतु इति प्रार्थ्यते । किन्तु उदित एव शुक्रः व्यसनव्ययं करोति ॥६॥

**यो मन्द उद्दामखगोपहार-सत्कः सदा विष्टपसौख्यकारी ।**
**नामी न संस्थानरतः सुतेजाः, वामाङ्गजः शर्म करोत्यसौ वः ॥७॥**

**टि :-** 'योऽमन्दः' यः पार्श्वजिनः अमन्दः सप्रभाव इत्यर्थः, शनिस्तु ग्रहः मन्द एव उच्यते, यतः सर्वासु राशिषु शनिः शनैः शनैः चरति । उद्दामैः श्रेष्ठैः खगैर्विद्याधरैर्देवैश्च कृतो य उपहारः पूजा, तस्मै सत्कः योग्य इति, पार्श्वनाथो भगवान् पूर्वं विद्याधराऽमराऽसुरै निज-निजस्थानके पूजितः, शनिस्तु ग्रहः उद्दामखगानां उग्रग्रहाणां उपहारेण । सन्ति विद्यमानानि कानि सुखानि येन सः, शनिः सदा उग्रग्रहेषु सत्सु सुखकर्ता भवति, पार्श्वनाथस्तु भगवान् सर्वदैव सुखकारी अस्ति । पार्श्वनाथो भगवान् 'न आमी' न रोगी-नीरोगी भावारोग्यवान्, न च संस्थानं समचतुरस्त्रादिका देहाकृतिः, तस्मिन् रतः आसक्तः । न देहाध्यासवान् किन्तु आत्मनि एव निरतः । शनिस्तु मीनानां मत्स्यानां, संस्थानं सं सम्यक् स्थानं यत्र मीनसंस्थानः समुद्रः, तस्मिन् रतः इति मीनसंस्थानरतः । न मीनसंस्थानरतः इति अमीनसंस्थानरतः, न अमीनसंस्थानरतः अर्थात् समुद्रे रतः एव । यतः शनिः समुद्रपौत्रः अस्ति । 'सुतेजाः' शुभेन अतिशयेन वा तेजसा युक्तः, **वामाना**म्न्याश्च मातुः अङ्गजः सूनुः पार्श्वनाथः वः शर्म करोतु, शनिस्तु सुतेजाः प्रभावेन युक्तः सन् उदित एव वामाङ्गजानां कलत्र-पुत्राणां शर्म इति वामाङ्गजशर्म करोतु ॥७॥

**दृश्याऽमृतश्लिष्टगलप्रफुल्ल-नीलोत्पलाभाननमात्रदेहम् ।**
**सच्चक्रसङ्गं समयाम्बुराशिं पार्श्वं समस्तापदमानमामि ॥८॥**

**टि :-** यदा मेघमालिना महामेघस्योपसर्गः कृतः, तदा पार्श्वप्रभोर्देहे मुखं एव अमृतोपरि जलोपरि दृश्यं अभवत्, राहुस्तु अमृतेन पीयूषेण श्लिष्टं गले प्रफुल्लं नीलकमलवन्मुखं एव देहमात्रं यस्य सः - अमृतपूर्णगल्लयुक्तं मुखं एव राहोः देहो विद्यते । पार्श्वनाथः सच्चक्रेण सज्जनसङ्घेन संयुक्तः अस्ति। अपरं च 'सिद्धान्त एवाम्बु, तस्य राशिरिव आगमसागरः, सम् सम्यक् अस्ताः आपदः येन स समस्तापद् विपन्नाशकः, तं पार्श्वं प्रभुं प्रणमामि । राहुः महोदधिमन्थनावाप्तपीयूषपूर्णगण्डः सन् पलायितः । तदा विष्णोश्चक्रेण तस्य

कन्धरा छिन्ना । अतो राहुरपि सतः सुदर्शननाम्नश्चक्रस्य सङ्गवान् अस्ति । अपरञ्च समये योग्यकालेऽम्बुनो जलस्य राशिर्मीनादिर्यस्य सः समयाम्बुराशिः । यदा राहुर्जलराशिसम्पृक्तः स्यात् तदा राहुणा आपदो दूरं पलायन्ते, अतो जलराशिस्थो राहुर्नमस्यः ॥८॥

**गु(ग)रुत्मतः श्रीपरिभाविकान्ति-च्छटासृतव्योमदिगन्तरालः ।**
**महाप्रभावो नवमो ग्रहाणां स केतुरव्याद् भवतो जिनो माम् ॥९॥**

**टि :-** गरुत्मतः गरुडस्य स्ववाहनीभूतस्य श्रिया परिभवति युक्तो भवति इत्येतावता गरुडवाहनो विष्णुः, तद्वत् कान्तिच्छटा, तया सृतं व्योम्नो दिशां चान्तरालं येन सः- पार्श्वप्रभुर्नीलकान्तिः, केतुरपि नीलवर्णः । जिनेश्वराणां पादाधः ग्रहाणां मूर्त्तय उत्कीर्णाः विद्यन्ते, अतः पार्श्वनाथः प्रभुरपि ग्रहाणां केतुभिर्युक्तः, ग्रहचिह्नैः सहित इति सकेतुः । ''णुक् स्तुतौ'' इति (हैमधातु-पाठस्थ १०८१तम) धातोः 'भावाऽकर्त्रोः अलि प्रत्यये - नवनं नवः स्तुतिः, भजनं सेवा, यावत्, नवेन मा लक्ष्मीः श्रीः येन स 'नवमः' इति, पार्श्वप्रभुः स्तुतिकरणेन स्तावकं लक्ष्मीं प्रददाति । पार्श्वप्रभुः ग्रहाणां च नवमः स केतुर्ग्रहः, भवतः भवात् भवदुःखात् च अव्याद् रक्षतु ॥९॥

**इति ग्रहाभास्यपि चित्रमग्रहः पद्मावतीमुख्यमहासुरार्चितः ।**
**नागेन्द्रसान्निध्यभृदापदां भरं समुच्छिनत्त्वाशु फणीश्वरध्वजः ॥१०॥**

**टि :-** ग्रहैः आभासि ग्रहाणां कारणेन ग्रहेषु वा आभासमानः, तथाऽपि अग्रहः ग्रहैर्विरहितः इति विरोधः, तस्यापहारः तु — 'अग्रहः' [ग्रहः] दूराग्रहः बन्धनं च, ततो मुक्त इति, पार्श्वप्रभुः ग्रहैः समविशेषणैः स्तुतः, सोऽनाग्रहोपि अस्ति ॥१०॥

**स्तवं समाहात्म्यममुं महामणिं दधाति यः कण्ठतटे सदादरात् ।**
**दुष्टा ग्रहास्तं परिपीडयन्ति न, क्षतौजसः पार्श्वसुनामतेजसा ॥११॥**

**इति स्तुतः स्तम्भनसत्पुरस्थितः सद्दृष्टि-दृष्ट्युत्सवतां परामितः ।**
**पाश्वोऽद्य शीतद्युतिवन्निजौजसा, मनश्चकोरप्रमदं तनोतु नः ॥१२॥**

**टि :** अन्त्ये [इमे]द्वे पद्ये सुगमे ॥११-१२॥

**भावानुवाद :**

१. जगतनां 'ज्ञानचक्षु'स्वरूप, मोह आदि १८ दोषरहित, समवसरणनी शोभाथी युक्त, प्रभावसम्पन्न, कल्याणकारी, सत्यना पक्षपाती, जडता-अज्ञानने दूर करनारा सभद्र(=रवि)श्रीस्तम्भनपार्श्वनाथ प्रभु जय पामो.

२. ज्ञानकिरणो द्वारा प्रजाने आह्लाद-प्रमोद आपनार, ज्ञानना आश्रय, इन्द्रोनां पण चित्तने आनन्द आपनार, सकलज्ञानकलाविराजमान श्री पार्श्वजिन-चन्द्र अज्ञानतिमिरने दूर करो.

३. श्रावणसुद आठमना दिवसे सिद्धिपदने वरेला, नीरोगी, पोताना जन्मोत्सव द्वारा (पृथ्वी परना) प्राणीओने परम प्रमोद आपनारा, मङ्गलमूर्ति (मूर्तिमान्-साक्षात् मङ्गल) श्री पार्श्वप्रभु मङ्गलकारी थाओ.

४. कदाग्रह रहित जे भगवान दर्शनमात्रथी अतुल फल आपे छे. तथा कलाना भण्डार, प्रीतिकारी, सौम्यदर्शन अने बुधजनथी परिवरेला श्रीपार्श्वप्रभु तमने सद्बुद्धि आपो.

५. पुण्यप्रतापी एवा जेओना प्रभावथी पुण्यात्माओने पोतानुं इष्ट सत्वरे सिद्ध थाय छे, देव-गण जेना चरणे नमे छे. एवा गीःपति (वाणीना स्वामी) श्री पार्श्वप्रभु वाणीनी प्रासादिकता आपो.

६. जेमनां नेत्रो उज्ज्वल कान्तिमान् छे, जेओ नागकुमार वगेरे (असुरो)थी पूजाया छे, काव्य (शुक्र)स्तुति योग्य, कर्मरज रहित, प्रबुद्ध एवा श्री पार्श्वप्रभु तमारां व्यसनो-दुःखोने दूर करो.

७. उग्र ग्रहोनी साथे आवेल मन्द(शनि)समान छतां अमन्द (त्वरित) सुखदायक, उद्दाम=प्रगटप्रभावी, विद्याधरो अने देवताओ ए पोतानां भवनो विमानो निवासोमां लई जई जेमनी पूजा करी छे, विश्वसुखकारी दिव्यतेजोमय श्रीवामानन्दन पार्श्वप्रभु तमने सुख आपो.

८. मेघमालीए करेला जल उपसर्ग समये जेमनुं शरीर जलमो आकण्ठ डूबी गयुं हतुं. तेथी अमृतपान करतुं होय तेवुं मात्र मुख ज देखातुं हतुं - नीलकमल समान शोभतुं हतुं, तथा सत्-सत्यरूप चक्र के सज्जन

समूहथी युक्त सिद्धान्त सागर, आपद् निवारण करनारा श्री पार्श्वप्रभुने हुं नमन करुं छुं.

९. विष्णु समान कान्ति(नीलकान्ति)वाळा, महान प्रभावशाली, ग्रहोनां चिह्नोथी युक्त श्री पार्श्वप्रभु संसारथी मारुं रक्षण करो.

१०. आम बधा सूर्य वगेरे समग्र ग्रहो, समान विशेषणोथी अथवा प्रतिमामां नीचला भागमां कोतरेला आ बधा 'ग्रहो'थी शोभता छतां 'अग्रह' कदाग्रह रहित, पद्मावती वगेरे देवगणोथी पूजित, तथा नागेन्द्र जेमनुं सान्निध्य करे छे– एवा फणिपति सहित (सेवित) श्री पार्श्वप्रभु तमारां विघ्नोनो विनाश करो.

११. महाप्रभाववंत महामणिसमान आ स्तोत्रने जे भाविक आदरपूर्वक कण्ठस्थ करे छे. तेने पार्श्वप्रभुनां नाम–तेजथी प्रभावहीन ग्रहो पीडता नथी.

१२. शुभदृष्टिवंत मानवोनी दृष्टि माटे उत्सवरूप बनेला स्तम्भन पार्श्वनाथ प्रभुनी स्तुति में करी. ते पार्श्वप्रभु, चन्द्रमानी समान निज ओजस्–प्रकाश–चांदनी द्वारा आपना मन–चकोरने प्रसन्न करो.

प्रस्तुत स्तोत्रमां अवचूरिने आधारे नवग्रह विषयक अर्थ –

**सूर्य :** जगन्नेत्र : सूर्यप्रकाशथी जगतने जोइ शकाय छे, रात्रिनो नाश थाय छे, सूर्यने छाया नामे पत्नी अने भद्रा नामे पुत्री छे. सूर्यने कारणे ठंडी दूर थाय छे. कमल (वगेरे) खीले छे. अहीं 'कमल: नाभिकमल समजीअे तो सूर्य आत्मानो कारक छे ए ज्योतिष सिद्धान्त सारी रीते समजी शकाय छे.

**चन्द्र :** चांदनी ने कारणे लोकप्रिय, रात्रे उगे छे माटे (कौशिक=) घुवडो पण खुश थाय छे. कलाओ ओछी–वत्ती थती होय छे. कलाधर चन्द्र अन्धकारने दूर करे छे. अन्धकार = जो मनमालिन्य, तो चन्द्र मननो कारक' समजी शकाय छे.

**मङ्गळ :** मङ्गळनो रंग लाल छे. आठमे मङ्गळवार होय तो 'सिद्धियोग बने छे. मङ्गळ भौम = भूमिपुत्र छे. जो शुभ होय तो मङ्गलकारी बने छे.

**बुध :** जो क्रूरग्रहोथी मुक्त होय तो बुधनी दृष्टि शुभ छे. बुध सौम्यग्रह छे, बुद्धिनो कारक छे.

**गुरु :** गुरु जो शुभराशिमां होय तो शीघ्र फळ आपे छे. गुरु वाणीनो कारक छे.

**शुक्र :** असुरगुरु शुक्राचार्य तेजस्वी ग्रह छे. तेनुं बीजु नाम 'काव्य' छे.

**शनि :** मन्द गति करे छे (=शनैश्चर) क्रूरग्रहोनो मित्र गणाय छे. समुद्र साथे तेने सम्बन्ध छे.

**राहु :** राहु ग्रह मात्र 'शीर्ष'रूप छे. योग्य समये मीन वगेरे जलराशिओमां शान्तिनो कारक बने छे.

**केतु :** नवमो ग्रह छे. श्यामवर्णनो छे.

C/o, २०३-बी, एकता एवेन्यू,
बेरेज रोड, वासणा
अमदावाद-७